# અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ
બેડાવાળા

સંવત ૨૦૭૧ - શ્રાવણ સુદ-૫

પ.પૂ. જિનશાસનના અણગાર, શાસનના શણગાર સંયમી, જ્ઞાની, ગીતાર્થ ગુરુભગવંતોના ચરણોમાં સાદર કોટિશઃ વંદનાવલી...

આજે બાળવાર્તા સાહિત્ય વિષે કંઇક વિચારીએ :

જિનશાસનના ચારે'ય અનુયોગમાં સૌથી વધુ લોકોપયોગી અનુયોગ છે. ધર્મકથાનુયોગ, વાર્તાઓ દ્વારા અનેક પ્રકારની દૃઢ પ્રેરણાઓ પ્રાપ્ત થાય છે. અને તેનો બીજો એક મહત્વનો ફાયદો એ છે કે બાળકથી લઇ વૃદ્ધો સુધી, દરેકનો એ પ્રિય વિષય છે અહીં આપણે બાળકો માટે સક્ષમ વિચારણા કરવી છે.

જિનશાસનમાં પ્રતિવર્ષ જે સાહિત્ય બહાર પડે છે, તેમાં સૌથી ઓછું લગભગ ૨ થી ૫% જ સાહિત્ય બાળ ઉપયોગી હોય છે. એ સમયે બાળ સાહિત્ય વિષે ગંભીરતાથી વિચારવુ જોઇએ. અને તેવું પણ વર્તમાન સમયની માંગ પ્રમાણે. કોમીક્સ વગેરે જેવું થોડું ઘણું સાહિત્ય પ્રકાશિત થયું છે...પણ તેનો વ્યાપ વધવો જરૂરી છે. છેલ્લા કેટલાક સમયથી આ વિષે સઘન વિચારણાને અંતે પ્રથમ સોપાનમાં જૈન શાસનના મહાનતમ પાત્રો, શ્રમણ-શ્રમણી ભગવંતો તેમજ શ્રાવક-શ્રાવિકા ના જીવનચરિત્રોને બાળકો સરળતાથી સમજી શકે તેવી અંગ્રેજી ભાષામાં પ્રકાશિત કરવાનો વિચાર થયો...પણ, તેના અમલીકરણ માટે ઘણી એજન્સીઓની જરૂર છે.

(૧) શાસ્ત્રસાપેક્ષ શુદ્ધ કથા વાર્તા હોવી જોઇએ. (૨) સરળ બાળભોગ્ય અંગ્રેજી ભાષામાં હોવી જોઇએ. (૩) એનું પ્રીન્ટીંગ સુંદર-આકર્ષક-પીકટોરીયલ જોઇએ. (૪) એના પ્રકાશન માટેનો આર્થિક સહયોગ જોઇએ અને છેલ્લે (૫) પ્રકાશિત સાહિત્ય દરેક દરેક પાઠશાળા વગેરે યોગ્ય સ્થાનો સુધી પહોંચવું જોઇએ.

પૂજ્ય ઉપકારી માર્ગદર્શક ગુરુભગવંતની પ્રેરણાથી, અનેક હાથ અને હૈયાઓની સહાય અને લાગણીથી આ કાર્યમાં અમે ઠીક ઠીક આગળ વધી રહ્યા છીએ.. હાલ અનેક સમુદાયમાં અનેક અંગ્રેજી ભણેલા ગણેલા વિદ્વાન સાધુ-સાધ્વીઓ વિદ્યમાન છે. કાર્યની અગત્યતા અને જરૂરિયાત સમજી પૂજ્ય આચાર્ય ભગવંતની પ્રેરણા-માર્ગદર્શન-આશીર્વાદથી તેઓએ વિવિધ ચરિત્રોનું આલેખન શરૂ કર્યુ છે. અને લગભગ ૨૫ થી વધુ ચરિત્રો અંગ્રેજીમાં લખાયેલા અમને મળી પણ ગયા છે.

પૂજ્ય ગુરુ ભગવંત જ્યાં લખનાર હોય ત્યાં શાસ્ત્રસાપેક્ષતા અને શુદ્ધ વાર્તા લેખન સહજતાથી પ્રાપ્ત થઇ જ જાય...વળી, એ લખાયેલા વાર્તાના અંગ્રેજી ભાષા સાહિત્યના સંશોધન માટે અમદાવાદ સ્થિત ગુજરાત વિદ્યાપીઠમાં જૈન ધર્મના અભ્યાસ વિભાગના વડા ડૉ.પૂર્ણિમાબેન સ્વરુચિથી અને ભક્તિથી આ કાર્યમાં જોડાયેલા છે. અંગ્રેજી ભાષા પરની તેમની અદ્ભૂત પકડ હોવાથી અંગ્રેજીની ભાષાકીય શુદ્ધતા તેમજ બાળભોગ્યતાનો લાભ પણ આ કથા શ્રેણીને મળી રહ્યો છે. આ સંપૂર્ણ સાહિત્ય આર્ટ પેપર અને મલ્ટી કલરમાં છપાશે.. વચ્ચે વચ્ચે કથા-વાર્તાને અનુરૂપ તથા બાળકોને ગમે તેવા અનેક ફોટા સાથેનું આ સર્જન થશે... જેથી બાળકોને હાથમાં લેતા જ વાંચવાનું મન થાય... પ્રકાશિત સાહિત્ય દરેક દરેક પાઠશાળાઓ તથા અન્ય યોગ્યસ્થાનો, વ્યક્તિઓ સુધી પહોંચાડવા માટે પણ અમે કટીબદ્ધ છીએ. આ કાર્યની સફળતા માટે ગુરુભગવંતો પાસે આશિષ માંગીએ છીએ.

લી. શા બાબુલાલ સરેમલ બેડાવાળાની વંદના

" दासोऽहं सर्व साधूनाम् "

# સં-૨૦૭૦-૭૧ દરમ્યાન નૂતન પ્રકાશન

| ક્રમ | ગ્રંથનું નામ | કર્તા - સંપાદક | ભાષા | પ્રકાશક-પ્રાપ્તિ સ્થાન |
|---|---|---|---|---|
| ૧ | સપ્તતિ શત પ્રકરણમ્ (પ્રત) | આ. કુલચંદ્રસૂરિજી | સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૨ | અવધુ કયા સોવે તન મઠમેં | આ. અજીતશેખરસૂરિજી | ગુજ | અર્હમ આરાધક ટ્રસ્ટ |
| 3 | સમતા અનુભવ સુખ અનંત | આ. અજીતશેખરસૂરિજી | ગુજ | અર્હમ આરાધક ટ્રસ્ટ |
| ૪ | વિષયવાસના ત્યાગો ચેતન | આ. અજીતશેખરસૂરિજી | ગુજ | અર્હમ આરાધક ટ્રસ્ટ |
| ૫ | આપ સ્વરૂપ કું આપ નિહારત | આ. અજીતશેખરસૂરિજી | ગુજ | અર્હમ આરાધક ટ્રસ્ટ |
| ૬ | સમતા રંગ રમીજે અવધૂત | આ. અજીતશેખરસૂરિજી | ગુજ | અર્હમ આરાધક ટ્રસ્ટ |
| | (અધ્યાત્મકલ્પદ્રુમ વિવેચન) | ----- | --- | ------- |
| ૭ | મૈત્રી માર્ગ મજાનો | આ. અજીતશેખરસૂરિજી | ગુજ | અર્હમ આરાધક ટ્રસ્ટ |
| ૮ | પ્રત્યેક પ્રશ્ને વાર્તા | આ. અજીતશેખરસૂરિજી | ગુજ | અર્હમ આરાધક ટ્રસ્ટ |
| ૯ | નદી-નાવ સંયોગ | આ. અજીતશેખરસૂરિજી | ગુજ | અર્હમ આરાધક ટ્રસ્ટ |
| ૧૦ | સિધ્ધહેમ શબ્દાનુ મધ્યમવૃતિ ભાગ-૨ | ઉપા. રત્નજ્યોતવિજયજી | સં. | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૧૧ | ચતુઃશરણ પ્રકીર્ણમ્ | પં. રત્નત્રયવિજયજી | સં./ગુ | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૧૨ | ગુરુગુણષટ્ત્રિંશિંકા કુલકમ્ ભાગ - ૧, ૨, ૩ | પૂ. રત્નબોધિવિજયજી | સં./ગુ | જિનશાસન આરા. ટ્રસ્ટ |
| ૧૩ | યોગ સાર- ભાગ - ૧, ૨ | પૂ. રત્નબોધિવિજયજી | સં./ગુ | જિનશાસન આરા. ટ્રસ્ટ |
| ૧૪ | સદા મગન મેં રહના | આ. કલ્યાણબોધિસૂરિજી | ગુજ | જિનશાસન આરા. ટ્રસ્ટ |
| ૧૫ | આનંદનું ઉપવન | આ. કલ્યાણબોધિસૂરિજી | ગુજ | જિનશાસન આરા. ટ્રસ્ટ |
| ૧૬ | સ્વર્ગ અહીં જ છે. | આ. કલ્યાણબોધિસૂરિજી | ગુજ | જિનશાસન આરા. ટ્રસ્ટ |
| ૧૭ | સુખ તમારી રાહ જોઇ રહ્યું છે. | આ. કલ્યાણબોધિસૂરિજી | ગુજ | જિનશાસન આરા. ટ્રસ્ટ |
| ૧૮ | ગુરુ ભક્તિ | પૂ. રત્નબોધિવિજયજી | ગુજ | જિનશાસન આરા. ટ્રસ્ટ |
| ૧૯ | શ્રી મલ્લિનાથ - ભાગ ૧, ૨ | સા. સૌમ્યજ્યોતિશ્રીજી | સં./ગુ | કાન્તીવિજયજી જૈન ગ્રંથમાળા |
| ૨૦ | અષ્ટપ્રકારી પૂજાનો રાસ | આ. હેમેન્દ્રસૂરિજી | ગુજ | હર્ષ પુષ્પામૃત ગ્રંથમાળા |
| ૨૧ | પુંડરિકચરિત્ર - ભાષાંતર | આ. હેમેન્દ્રસૂરિજી | ગુજ | હર્ષ પુષ્પામૃત ગ્રંથમાળા |
| ૨૨ | યુગપુરુષ(પં. ચંદ્રશેખરવિજયજી) | આ. ચંદ્રજીતસૂરિજી | ગુજ | વર્ધમાન સંસ્કાર ધામ |
| ૨૩ | આદર્શ અણગાર (પૂ. જગતદર્શનવિજયજી) | પં. નિર્મલદર્શનવિજયજી | ગુજ | ઉદયતિથી પ્રકાશન |
| ૨૪ | હેમેન્દ્રજ્યોતિ (આ. હેમેન્દ્રસૂરિજી) | પૂ. લેખેન્દ્રશેખરવિજયજી | હિ | આદિનાથ રાજેન્દ્ર પેઢી |
| ૨૫ | ધન ધન્નો અણગારો | પૂ. ગુણહંસવિજયજી | ગુજ | કમલ પ્રકાશન |
| ૨૬ | શુધ્ધ ધર્મ - ભાગ ૧, ૨, ૩ | પૂ. સંયમકીર્તિવિજયજી | ગુજ | સમ્યગ્ જ્ઞાન પ્રચારક સમિતિ |
| ૨૭ | સમ્યકત્વ શલ્યોદ્ધાર | પૂ. સંયમકીર્તિવિજયજી | હિ/ગુ | સમ્યગ્ જ્ઞાન પ્રચારક સમિતિ |
| ૨૮ | દીક્ષાકુમારી પ્રવાસ ભાગ - ૨ | આ. અભયચંદ્રસૂરિજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| | ( સાધુ જીવનની ઉપમિતી ) | ------------------ | ----- | ------------------ |
| ૨૯ | પુજન કૈસે કરુ ? | આ. હેમચંદ્રસાગરસૂરિજી | હિ | આગમોધ્ધારક પ્રતિષ્ઠાન |
| 30 | શ્રી નવકાર | આ. હેમચંદ્રસાગરસૂરિજી | હિ | આગમોધ્ધારક પ્રતિષ્ઠાન |
| ૩૧ | કયવન્ના રાસ | ડૉ. ભાનુબેન સત્રા | ગુજ | ------------------ |
| ૩૨ | પારસમણી (પં. ભદ્રંકરવિજયજી) | ભારતી દીપક મહેતા | ગુજ | થીંક ફીએસ્ટા પબ્લીકેશન |

# સં-૨૦૭૦-૭૧ દરમ્યાન નૂતન પ્રકાશન

| ક્રમ | ગ્રંથનું નામ | કર્તા - સંપાદક | ભાષા | પ્રકાશક-પ્રાપ્તિ સ્થાન |
|---|---|---|---|---|
| ૧ | નિરંજનનાથ મોહે કૈસે મિલેંગે ? | આ. યશોવિજયસૂરિજી | ગુજ. | ઓમકારસૂરિજી આરા. ભવન |
| ૨ | દિલ અટકા તેરે ચરણ કમલ મેં | આ. યશોવિજયસૂરિજી | ગુજ. | ઓમકારસૂરિજી આરા. ભવન |
| ૩ | વિરાગની મસ્તી ભાગ - ૧, ૨ | ડૉ. કલાબેન એન. શાહ | ગુજ. | કુશલસૂરિ જૈન સેન્ટર |
| ૪ | જૈન સાહિત્યની પરિભાષા (લઘુ શબ્દકોષ) | ડૉ. કવિન શાહ | ગુજ. | ડૉ. કવિન શાહ |
| ૫ | ચલો શ્રાવક બને | પં. રત્નત્રયવિજયજી | હિ. | રંજનવિજય જૈન પુસ્તકાલય |
| ૬ | આગમોદ્ધારક રાસ | સા. પ્રશમિતાશ્રીજી મ. સા. | ગુજ. | જંબુદ્વિપ જૈન પેઢી |
| ૭ | તે આયરિયે નમં સામિ | આ. મહાબોધિસૂરિજી | ગુજ. | હસમુખભાઇ પારેખ |
| ૮ | શક્તિપાત | ચિરંતન | ગુજ. | રાજ રાજેન્દ્ર પ્રકાશન |
| ૯ | દ્વિદળ | ચિરંતન | ગુજ. | રાજ રાજેન્દ્ર પ્રકાશન |
| ૧૦ | ઓસન ઓફ એફેક્શન | પૂ. મૈત્રીપ્રભાવવિજયજી | અં. | ઓમકારસૂરિજી આરા. ભવન |
| ૧૧ | જૈન શાસન રી દીક્ષા | ડૉ. ઉદયરામ વૈષ્ણવ | રાજ. | ગુરુ રામચંદ્ર પ્રકાશન |
| ૧૨ | કથા સાગર મેં ડુબકી | આ. જયાનંદસૂરિજી | હિ | ગુરુ રામચંદ્ર પ્રકાશન |
| ૧૩ | જયણા એ ધમ્મો | આ. જયાનંદસૂરિજી | હિ | ગુરુ રામચંદ્ર પ્રકાશન |
| ૧૪ | વંદનીય-અવંદનીય | આ. જયાનંદસૂરિજી | હિ | ગુરુ રામચંદ્ર પ્રકાશન |
| ૧૫ | બેહના તુમ પવિત્ર મહના | આ. જયાનંદસૂરિજી | હિ | ગુરુ રામચંદ્ર પ્રકાશન |
| ૧૬ | મૌલિક નવપદ આરાધના | સા. પ્રશીલરસાશ્રીજી | ગુજ | ચંદ્રગુણ અમી આરા. ટ્રસ્ટ |
| ૧૭ | મારી અડધી સદીની યાત્રા | પૂ. આત્મદર્શનવિજયજી | ગુજ | કલ્યાણ મિત્ર પરિવાર |
| ૧૮ | જિનદર્શન પુજા વ ધ્વજા રોહણ વિધી | જે. કે. સંઘવી | હિ | યશોભદ્રસૂરિ જૈન સંસ્થાન |
| ૧૯ | નવકારમંત્ર અડસઠ તીર્થ નઝરાણું | પૂ. વિનિતરત્નવિજયજી | ગુજ | વર્ધમાન શ્વે. મૂ. સંઘ |
| ૨૦ | દિવ્ય વાર્તાનો ખજાનો-૧૮ (આ. જયઘોષસૂરિજી) | પૂ. દિવ્યવલ્લભવિજયજી | ગુજ | અજય મહેન્દ્રભાઇ મહેતા |
| ૨૨ | મંથનનું માખણ (આ. જયંતસેનસૂરિજી) | પૂ. જિનાગમવિજયજી | ગુજ | રાજ રાજેન્દ્ર પ્રકાશન |
| ૨૩ | અજવાસની યાત્રા | પૂ. લબ્ધિવલ્લભવિજયજી | ગુજ | ધર્મ પર્ભાવિક ટ્રસ્ટ |
| ૨૪ | સમ્મેતશીખર તીર્થાદિવંદના | જે. કે. સંઘવી | હિ | કલ્પતરૂ પ્રકાશન |
| ૨૫ | રાસ પદ્માકર-૩ | જ્યોતિબેન શાહ | ગુજ | મહાવીર આરાધના કેન્દ્ર |
| ૨૬ | જ્ઞાનધારા-૧૨(સર્જકની વિચાર સૃષ્ટિ) | ગુણવંત બરવાળીયા | ગુજ | પ્રાણગુરુ જૈન ફિલોસોફી સેન્ટર |
| ૨૭ | ભારતીય સંસ્કૃતિમાં ગુરુ મહિમા | ગુણવંત બરવાળીયા | ગુજ | પ્રાણગુરુ જૈન ફિલોસોફી સેન્ટર |
| ૨૮ | ઇલા અલંકાર | ગુણવંત બરવાળીયા | ગુજ | પ્રાણગુરુ જૈન ફિલોસોફી સેન્ટર |
| ૨૯ | અલૌકિક ઉપલબ્ધિ(અપૂર્વ અવસર) | ગુણવંત બરવાળીયા | ગુજ | પ્રાણગુરુ જૈન ફિલોસોફી સેન્ટર |
| ૩૦ | મુનિસંતબાલની જીવન સાધના | ગુણવંત બરવાળીયા | ગુજ | વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ |
| ૩૧ | મોહની મુરતિ મુજ મનમાં | આ. જયંતસેનસૂરિજી | ગુજ | રાજ રાજેન્દ્ર પ્રકાશન |
| ૩૨ | પ્રભુ મુરત મોહનગારી | આ. જયંતસેનસૂરિજી | ગુજ | રાજ રાજેન્દ્ર પ્રકાશન |
| ૩૩ | સંયમસંવેદન | આ. જયંતસેનસૂરિજી | ગુજ | રાજ રાજેન્દ્ર પ્રકાશન |
| ૩૪ | ગુરુ મારા હૈયે વસ્યા | મુમુક્ષુ રિમલબેન શેઠ | ગુજ | રાજ રાજેન્દ્ર પ્રકાશન |
| ૩૫ | સુખને એક અવસર આપો | -------------- | ગુજ | રાજ રાજેન્દ્ર પ્રકાશન |

# સરસ્વતી પુત્રોને વંદના

## આ ગ્રંથોનું કાર્ય ચાલુ છે. ટુંક સમયમાં પ્રકાશિત થશે.

### આ. શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરિજી તથા પૂ. આ. કલ્યાણબોધિસૂરિજીના શિષ્યો (શ્રી પ્રેમભુવનભાનુસૂરિજી સમુદાય)

(૧) વસ્તુપાલ ચરિત્રમ્
(૨) જ્યોતિષકરંડક

### પૂ. આ. શ્રી ગુણરત્નસૂરિજી તથા પૂ. આ. શ્રી રશ્મિરત્નસૂરિજીના શિષ્યો (શ્રી પ્રેમભુવનભાનુસૂરિજી સમુદાય)

(૧) વૈરાગ્યકલ્પલત્તા - સંશોધન - સંપાદન - અનુવાદ તુલના સાથે
(૨) હૃદયપ્રદીપષટ્ત્રિંશિકા - નૂતન સંસ્કૃત વૃતિ- સાનુવાદ

### પૂ. આ. શ્રી જયસુંદરસૂરિજીના શિષ્ય શ્રી કૃપાબિન્દુવિજયજી મ. સા.

(૧) સંસ્તારક પ્રકીર્ણમ્ - અપ્રગટ - ટીકા સહિત

### પૂ. પં. શ્રી ધર્મતિલકવિજયજી મ. સા. (પૂ. શ્રી રામચંદ્રસૂરિજી સમુદાય)

(૧) શ્રી ભુવનભાનુ કેવળી ચરિત્ર - સંસ્કૃત
(૨) ગૌતમપૃચ્છા - સંસ્કૃત
નોંધ : વસુદેવહીંડી ભાગ - ૨ અપ્રગટ - પ્રાકૃત ટેક્સટ સોસાયટી દ્વારા પ્રકાશિત થશે.

### પૂ. આ. હેમપ્રભસૂરિજીના શિષ્ય પૂ. હેમહર્ષવિજયજી મ. સા. (પૂ. શ્રી નિતીસૂરિજી સમુદાય)

(૧) દસ પયન્ના - ભાષાંતર સાથે

### પૂ. આ. શ્રીમદ્વિજય હેમચંદ્રસૂરિજીના શિષ્ય પ. પૂ. સંયમબોધિવિજયજી મ. સા.

(૧) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર - શ્રી નેમિચંદ્રગણી ટીકા
(૨) શ્રી જયાનંદ કેવળી ચરિત્ર - રાસ

## PICTORIAL STORY BOOK FOR CHILDREN

તેજસ્વી પ્રતિભાસંપન્ન યુવાન સાધુ-સાધ્વીજી ભગવંતો દ્વારા તેઓના ગુરુના માર્ગદર્શન અને પ્રેરણાથી પૂર્વના મહાપુરુષોના ચરિત્રો અંગ્રેજીમાં લખાઇ રહ્યા છે. તેનો દસ પુસ્તકનો પ્રથમ સેટ સપ્ટેમ્બર ૨૦૧૫માં પ્રકાશિત થશે. બાળકો માટેના ચિત્રમય આકર્ષક પ્રિન્ટીંગ ડીઝાઇન વાળા આ પુસ્તકોની મર્યાદિત નકલો પુસ્તક રૂપે શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર દ્વારા પ્રકાશિત થશે. પ્રભાવના કે વહેંચવા માટે વધારાની નકલોની જરૂર હોય તો અગાઉથી બુકીંગ કરાવવા વિનંતી છે.

# ज्ञानभंडारमां बहुश्रुत माटेना वसाववा योग्य ग्रंथो

આપણે ત્યાં પરદર્શનીય તાર્કિક સાહિત્યનો જેટલો અભ્યાસ થાય છે. તેની તુલનામાં પરદર્શનીય આધ્યાત્મિક સાહિત્યનો અભ્યાસ બહુ ઓછો થાય છે. હકીકતમાં વિશ્વના કોઇ પણ આધ્યાત્મિક સાહિત્યમાં જે જે સૂક્તિઓ છે તે જિન પ્રવચનોનો જ અંશ છે. માટે આગમાદિ શાસ્ત્રોના ઊંડા અભ્યાસ બાદ વિદ્વાન મહાત્માઓએ ગુરુની અનુજ્ઞા સાથે તે તે આધ્યાત્મિક ગ્રંથોનો અભ્યાસ પણ કરવો જોઇએ. તો શ્રીસંઘને વિશિષ્ટ બહુશ્રુતોનો ઉપહાર મળી શકે. હકીકતમાં જેમને આવા અનેકાનેક વિષયોના ગ્રંથોનું ઉંડુ જ્ઞાન હોય, તેમને બહુશ્રુત કહેવાય અને તેઓ શાસનની વિશિષ્ટ સેવા પ્રભાવના કરી શકે.

---

ઉપનિષદ્ સંગ્રહ:- ૧૯૦ જેટલા ઉપનિષદોનો સંગ્રહ સંસ્કૃત
પ્રકાશક : મોતીલાલ બનારસીદાસ
ભગવદ્ ગીતા :- ભાગ ૧ થી ૩ ટીકા યુક્ત પ્રકાશક : પરિમલ પબ્લીકેશન
સંપાદન : ગજાનંદ શંભુ
વિવેક ચૂડામણી :- કર્તા : શંકરાચાર્ય - સંસ્કૃત-ગુજરાતી વિવેચન સાથે
પ્રકાશક : મનન અભ્યાસ મંડળ, ઝાડેશ્વર સંપાદક : નિજાનંદ સ્વામી
વાક્યસુધા અને અપરોક્ષાનુભૂતિ : કર્તા શંકરાચાર્ય - સંસ્કૃત
પ્રકાશક : માધવલાલ દ્વિવેદી - સંપાદક : શંકરાચાર્ય
વેદાંકુશ :- કર્તા : કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય
પ્રકાશક : હેમચંદ્રાચાર્ય જ્ઞાનભંડાર-પાટણ
રામગીતા :- સંસ્કૃત અને તેનો ગુજરાતી અનુવાદ જુદા જુદા પ્રકાશકોની મળે છે.
ગણેશ ગીતા :- સંસ્કૃત અને તેનો ગુજરાતી અનુવાદ
શિવ ગંગા :- સંસ્કૃત અને ગુજરાતી અનુવાદ સાથે
વિશ્વના ધર્મ :- લે. ગોવિંદલાલ ભટ્ટ - ગુજરાતી પ્રકાશક : ગૂઢ કંપેનીયર
વર્લ્ડ રીલીજીયન :- અંગ્રેજી
પ્રકાશક : આદિનાથ જૈન પ્રતિષ્ઠાન :- સંપાદક : બાપુ સાહેબ
પ્રાચીન ભારતકા ઇતિહાસ :- સંપા. શ્રીરામગોયલ - હિન્દી - કુસુમાંજલી પ્રકાશન
ગુજરાતનો રાજકીય ઇતિહાસ :- ભાગ ૧ થી ૯ - ગુજરાતી
સંપાદક : ચીમનલાલ કલાધર પ્રકાશક : બી.જે.ઇન્સ્ટીટ્યુટ
પ્રાચીન ભારતવર્ષ :- ભાગ ૧ થી ૫ - ગુજરાતી
સંપાદક : ત્રિભુવનદાસ લહેરચંદ પ્રકાશક : શશીકાંત એન્ડ કું
જૈન સાહિત્યનો બૃહદ ઇતિહાસ :- ભાગ ૧ થી ૯ આગમથી આજ સુધીના બધા જ ગ્રંથોની વિગત મળે છે.
સંપાદક : પ્રભુદાસ બેચરદાસ ગુજ. પ્રકાશક : ૧૦૮ તીર્થ દર્શન ભવન
ગુર્જર કવિઓ :- ભાગ ૧ થી ૧૦
સંપાદક : જયંત કોઠારી, મોહનલાલ દલીચંદ પ્રકાશક : મહાવીર વિદ્યાલય
ભારતનું બંધારણ અને કાયદા અંગેના પુસ્તકનો પણ અભ્યાસ કરવો જોઇએ.

# પાઠશાળા

લે. પૂ. ભવ્યસુંદરવિજયજી મ. સા.

પાઠશાળામાં ઘટતી જતી બાળકોની સંખ્યા, એ એક ગંભીર અને વ્યાપક સમસ્યા છે. તેનું કારણ શું ?

માતા-પિતા, બાળકોને સંસ્કરણ આપવા / ધાર્મિક ભણાવવા ઇચ્છતા જ નથી, એવું તો સાવ નથી... કેટલોક વર્ગ એવો બન્યો હશે, પણ હજી ઘણો વર્ગ ધર્મ સંસ્કારોને ઇચ્છે છે. બાળકોને સ્કૂલના ભણતર-ટ્યુશનનો બોજ ખૂબ જ છે. એ એક કારણ છે : પણ તેની પાસે બિલકુલ સમય નથી તેવુ પણ નથી, ટી.વી., કાર્ટુન, મોબાઇલ ગેમ માટે અઢળક સમય નીકળે જ છે, એટલું જ નહીં અનેક પ્રકારની ઇતર પ્રવૃતિઓ ડાન્સિંગ કલાસ, મ્યુઝિક કલાસ વિ. માં પણ બાળકોને મા-બાપ હોંશે હોંશે માકલે છે.

તો શું કારણ છે. ? અભ્યાસ કરતાં જણાય છે કે પાઠશાળાનો ઢાંચો-સ્વરૂપ, શિક્ષક-શિક્ષણનું સ્તર વિ. મુખ્ય કારણો છે... જ્યાં જ્યાં પણ કાળ સાથે કદમ મીલાવીને સ્વરૂપ સ્તર સુધારવામાં આવ્યું છે. ત્યાં સુંદર પરિણામ દેખાયું છે જ. અમદાવાદમાં ઘણા બધી પાઠશાળા તેના ઉદાહરણ રૂપે - ૩ મહિને જ પરીક્ષા (મૌખિક) લેવી... તરત જ પરિણામ આપવું, ઇનામ પણ આપવું. તેનાથી બાળકોનો ઉત્સાહ વધે, માતા-પિતાને સંતોષ થાય કે પ્રગતિ ચાલુ છે. તિથિના પ્રતિક્રમણ કરાવવું, બાળકો જ ભણાવે, બાળકો જ સૂત્ર બોલે, તેનાથી માતા-પિતાને લાગે છે કે ખરેખર પરિણામ મળે છે. સંઘને પણ પાઠશાળાની સફળતા દેખાય છે અને દાન પણ સરળતાથી મળે છે.

આ વિચારણા એમજ રજુ નથી કરી, આંશિક રીતે અમલમાં મૂકીને તેની સફળતા જોયા બાદ જ સહુની સમક્ષ રજૂ કરી છે.

આ પદ્ધતિ અપનાવાશે તો વર્તમાન પ્રોફેશનલ રીઝલ્ટ ઓરીએન્ટેડ યુગમાં આપણે કદમ મિલાવીને સફળતા મેળવી શકીશું.

એક મહત્વની વાત પર અત્યારે ભાર મૂક્યો છે. મોટે ભાગે પાઠશાળામાં જતો બાળક, અમુક નિશ્ચિત સમયમાં અમુક વિષયો ભણે જ. એવી કોઇ નિયત વ્યવસ્થા નથી.. તેના કારણે પાઠશાળા જતો બાળક પણ પ્રગતિ કરતો હોય તેવું માતા-પિતાને પ્રતીત થતું નથી. તેઓ બાળકને મોકલવા પ્રેરાતા નથી.

જો રીઝલ્ટ ઓરીએન્ટેડ કોર્સ ની પદ્ધતિ અપનાવવામાં આવે તો, ચોક્કસ પણે પરિણામ મળે, એવું વર્તમાન માનસિકતા જોતો જણાય છે. તેનું સ્વરૂપ કંઇક આવું હોઇ શકે..

(૧) પાઠશાળામાં ગમે ત્યારે દાખલ થઇ શકાય, તેવું નહીં. દર ૩ કે ૬ મહિને જ નવા બાળકોને પ્રવેશ આપવો.

(૨) ૩ - ૩ મહિનાના જ કોર્સ બનાવવા. ૩ મહિનામાં ૭૫ દિવસ પાઠશાળા ખુલ્લી રહેતી હોય, તેમાં ૫૦ દિવસ હાજર રહેનાર મધ્યમ ક્ષયોપશમ વાળો બાળક ભણી શકે તેવા કોર્સ બનાવવા. તેમાં સૂત્ર ઉપરાંત જીવનોપયોગી જ્ઞાન રાખવું જ.. જૈન ધર્મનું જ્ઞાન પણ આપવું

(૩) પાઠશાળા ફી ન રાખવી, મફત શિક્ષણની કિંમત નથી.

બાળક / મા-બાપ બેદરકાર બને છે.

# પાઠશાળા

૩ મહિનાની ફી ૨૫૦ થી ૫૦૦ રૂા. લેવી અને ૫૦ દિવસ હાજરી આપે (તે પણ ૧ દિવસ ની ઓછામાં ઓછી પોણો કલાક) તેને બહુમાન રૂપે તે ફી પરત કરવી. ઓછી હાજરી વાળીની ફી જપ્ત કરવી. (આર્થિક નબળાં બાળકોને રાહત આપી શકાય.)

(૪) એક શિક્ષકના એક કલાકના એક વર્ગમાં ૨૦ થી વધુ બાળકો ન લેવા. વધારે શિક્ષકોના પગાર માટે સગવડ ન હોય તો ફી માંથી તેટલી રકમ અલગ રાખી લેવી. (ફી માંથી ૫૦% શિક્ષકના પગાર માટે અને ૫૦% ઇનામ પ્રોત્સાહન માટે રાખી શકાય) વધારે શિક્ષકો જ ન હોય તો ઓછી સંખ્યા લઇને કાર્ય કરવું પરંતુ કોઇનો અભ્યાસ વ્યવસ્થિત ન થાય તેવું ન કરવું.

जो जेण गुणेणऽहिओ जेण विणा न सिज्झए जं तु ।
सो तेण तम्मि कज्जे सव्वत्थामं न हावेइ ॥ १७९८ ॥

જિનશાનને જ્યારે જરૂર હોય ત્યારે તમારી પાસે તનની-મનની-ધનની-સત્તાની-સમયની-સંપર્કની- જે કોઇ પણ શક્તિ હોય. જે પણ બાહ્ય કે આંતર ગુણ હોય. જેના વિના જિનશાસનનં તે તે કાર્ય થઇ શક્તું ન હોય તે કાર્યને સિદ્ધ કરવા માટે તમારી તમામે તમામ શક્તિને લગાડી દેજો. કંઇક પણ બાકી રાખશો તો તમારું જૈનત્વ લાજશે.

- પરમપાવન શ્રી બૃહત્કલ્પ ભાષ્ય આગમસૂત્ર

પૂ. આ. શ્રી રામચંદ્રસૂરિજી સમુદાયવર્તી ગણિવર્ય વૈરાગ્યરતિવિજયજીની પ્રેરણાથી શ્રુતભવન પુના દ્વારા નવ ગ્રંથોનું પ્રકાશન ૮મી માર્ચના રોજ પુના મુકામે રાખવામાં આવેલ જેમાં પાંચ અપ્રગટ ગ્રંથોમાં રહેલ ૫૨ જેટલી કૃતિઓનું સૌ પ્રથમ વખત સંપાદન કરીને પ્રકાશિત કરવામાં આવેલ તેમજ વર્ધમાન જિન રત્ન કોશનું નિર્માણ ચાર વર્ષથી થઇ રહ્યું હતું તેનું લોકાર્પણ પણ કરવામાં આવેલ, અગ્રણી શ્રુતપ્રેમી અને શાસન અગ્રણીઓ હાજર રહ્યા હતા.

આ ચાતુર્માસનો અહો ! શ્રુતજ્ઞાનમ્-૩૧ નો પ્રથમઅંક અષાઢ સુદ-૫ના રોજ ઉપલબ્ધ ચાતુર્માસ યાદીને અનુસાર પોસ્ટથી મોકલવામાં આવેલ છે. તેમ છતાં પણ કદાચ આપને ન મળ્યો હોય તો એસ.એમ.એસ, વોટ્સએપ, ઇમેઇલ કે પત્ર દ્વારા આપનું સરનામું મોકલવાથી અંક આપને મોકલી શકાય તે અંકની જરૂર હોય તો લાભ આપશોજી.

## -: પાઠશાળાની યાદી :-

ભારતભરમાં આવેલ બધી જ ધાર્મિક પાઠશાળાની યાદી અમો બનાવી રહ્યા છીએ તો આપના વિસ્તારમાં ચાલતી પાઠશાળાનું નામ, સરનામું તેમજ સંચાલકનું નામ, મોબાઇલ નંબર તેમજ ઇમેઇલ અડ્રેસ વિગેરે માહિતી અંગ્રેજીમાં મોકલવી. આ બધીજ માહિતી **ahoshrut.bs@gmail.com** ઉપર મોકલવી, જેથી બધી જ પાઠશાળાનું સુંદર સંકલન થઇ શકે અને પોતાના ત્યાં ચાલતી પ્રવૃતિઓનો પ્રચાર-પ્રસાર થઇ શકે.

# નૂતન પ્રકાશિત શિલ્પવિધિ ગ્રંથો


## હેમકલિકા-૧
## શ્રી અઢાર અભિષેક વિધાન




**વિધિગ્રંથની વિશિષ્ટતા...**

- ૨૦૦ થી વધુ પ્રાચીન પ્રતિષ્ઠાકલ્પોને આધારે સંપાદિત વિધિગ્રંથ
- વિધાન કરાવવામાં અત્યંત સરળ બને એ સ્વરૂપનો વિધિગ્રંથ
- ૧૮ અભિષેક સંબંધી અનેક રહસ્યોને ઉજાગર કરતો વિધિગ્રંથ
- અભિષેક માહાત્મ્ય ભરપૂર માહિતિ તથા દૃષ્ટાંત કથાઓ સહિતનો વિધિગ્રંથ
- વિધાનને રસાળ બનાવતા અભિષેક ભક્તિગીતો તથા સ્તુતિઓ સભર વિધિગ્રંથ
- ટૂંકમાં... આપના ૧૮ અભિષેક વિધાનને વિશેષ પ્રભાવશાળી બનાવનારો વિધિગ્રંથ

## હેમકલિકા - ૨
## શ્રી ધારણાગતિ યંત્ર




જે તે સંઘ કે વ્યક્તિ માટે સંઘમંદિરમાં કે ગૃહમંદિરમાં કયા ભગવાન પધરાવવા સવિશેષ અનુકુળ રહે તે જોવા માટેના, પ્રચલિત કોષ્ટકો કરતાં સવિશેષ પારદર્શક સ્પષ્ટતાવાળા નૂતન કોષ્ટક સ્વરુપ ગ્રંથ...

**પ્રકાશિત શિલ્પગ્રંથ :**

- જૈન શિલ્પ વિધાન (ભાગ ૧-૨)
- જિનાલય નિર્માણ માર્ગદર્શિકા (ગુજ.-હિ.)

**આગામી પ્રકાશન :**

- જિનાલય નિર્માણ વિધિવિધાન
- શાશ્વત જિનપ્રતિમા સ્વરૂપ (સચિત્ર)

shilp-vidhi

**આજે જ મેળવી લ્યો**

અમદાવાદ : શ્રી બિજુલભાઈ શાહ
મો. ૮૪૯૦૮ ૨૧૫૪૬

મુંબઈ : શ્રી અક્ષયભાઈ શાહ
મો. ૯૫૯૪૫ ૫૫૫૦૫

---

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket


પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com
Website : www.ahoshrut.org